# હાર્વી વીલીયમ્સ

–હરનીશ જાની

હાર્વી કાળો(આફ્રીકન અમેરીકન) હતો. ૧૯૭૨માં મારી સાથે લોન્ગ આયલેંડ–ન્યુ યોર્કના વીસ્તારમાં આવેલા એક ટેક્સટાઈલ પ્રીન્ટીંગ પ્લાંટમાં કામ કરતો હતો.

હાર્વી, કાળો એટલે? કાળો ભુત લાગે! સવા છ ફુટ ઉંચું કદ કોઈને પણ ડરાવે. ચાલે તો જાણે ડોલતો ગજરાજ! અંધારામાં ઉભો હોય તો તેના ચમકતા સફેદ દાંત જ એકલા દેખાય. જો આવડતા હોય તો 'હનુમાન ચાલીસા'નો પાઠ કરવાનો આ જ સમય. પણ સ્વભાવે મીંદડી. જો કોઈ તેની સાથે ઉંચા અવાજે વાત પણ કરે તોય હાર્વી ગભરાય. એટલે ઝઘડો ટાળવા કાયમ મોં હસતું રાખતો.

કોઈ પણ કહી શકે કે તેને સૌથી વધારે ડર તેની પત્ની ઈલીઝાબેથનો લાગતો. ઈલીઝાબેથનું નામ તેની જીભે વાતેવાતે આવતું. અમારી સાથે બર્ની વીલીયમ્સ પણ કામ કરતો હતો. તે બન્ને મીત્રો હતા. બર્ની પણ આફ્રીકન–અમેરીકન હતો; પણ તે વાને થોડો ગોરો હતો. એટલે તે પોતે આફ્રીકન ગણાવવામાં નાનમ સમજતો. તેમાં તેની પત્ની સેન્ડી ગોરી અમેરીકન હતી. તેનું તેને અભીમાન રહેતું. હું તેને કહેતો કે : ગોરી કે કાળી; પત્ની એટલે પત્ની! પત્નીની એક જુદી નાત હોય છે. બર્નીને તેની પત્નીએ પોતાનો પડ્યો બોલ ઝીલવાની ટેવ પાડી હતી. એટલે જ્યારે તે વર્ક પર મોડો પડતો, તો પત્નીના નામનું બહાનું કાઢતો. જ્યારે હાર્વીને ગોરા–કાળાની મગજમારી નહોતી. બર્નીની ઈચ્છા હોલીવુડમાં જવાની હતી. પણ કમનસીબે મારા જેવા ઈન્ડીયનના હાથ નીચે ભેરવાઈ ગયો હતો. અને મારી કુંડલીમાં એવું તો શું હતું કે હું જનમ્યો ભારતમાં અને પનારો પડ્યો દસ હજાર માઈલ દુર આ લોકોની સાથે!

હું પ્રીન્ટીંગ પ્લાંટના કલર ડીપાર્ટમેંટનો ઈનચાર્જ હતો. સ્ટાફમાં બીજા પચીસ વર્કર હતા. તે બધાનો હું સુપરવાઈઝર હતો. અમે બપોરની બીજી શીફ્ટમાં કામ કરતા હતા અને રાતે સાડાદસે છુટી જતા. સામાન્ય રીતે હું સ્ટાફ સાથે ભળતો નહીં. હું હજુ અમેરીકાથી બરાબર ટેવાયલો નહોતો. એટલે આ કાળા આફ્રીકન–અમેરીકન મને ડરામણા લાગતા. જ્યારે હાર્વીને પહેલવહેલો જોયો ત્યારે મને મારી કલ્પનાનો, મહાભારતના ભીમ અને બકાસુરના પ્રસંગનો બકાસુર યાદ આવ્યો હતો. અને ખરેખર બકાસુરની જેમ જ આ બકાસુર પણ બહુ ખાતો. એક બાજુ હાથ વજન

કરતા હોય તોય, કાંઈને કાંઈ ચાવતો હોય. હાર્વી પ્લાંટમાં પ્રીન્ટીંગ માટે જોઈતા જાતજાતના કલરનું ટીકીટ પ્રમાણે વજન કરતો. તે તેની ડ્યુટી હતી. બર્નીને હું ટીકીટ આપતો. બર્ની તે ટીકીટો હાર્વીને આપતો. હાર્વી તે કલર તૈયાર કરતો. દીવસના અંતે જાતજાતના કલર્સના કારણે આ કાળા હાર્વી પર ભુરા–પીળા કલરના લીસોટા દેખાતા. તે તેને ભયાનક રુપ આપતા. ઘેર જતાં પહેલાં અમારા દરેક વર્કરે ફરજીયાત શાવર–બાથ લેવો પડતો. જો તેમ ન હોત તો ભુતાવળ છુટી હોય તેવું લાગે.

એક બપોરે હાર્વી મારી ઓફીસમાં આવ્યો. મને કહે : 'જાની, મારા કલરરુમમાં આવ.' હું હાર્વીના કલરરુમમાં ગયો. હાર્વી કહે, 'તને અમેરીકન પાઈ ખબર છે? એપલ પાઈ તો અમારા અમેરીકાની સ્પેશ્યાલીટી છે. મારી વાઈફ બહુ સરસ બનાવે છે. તે તારા માટે લાવ્યો છું.' મેં તેને કહ્યું કે : 'આટલી મોટી દસ ઈંચની પાઈ મારાથી નહીં ખવાય.' બર્ની કહે, 'હું ખાવા લાગીશ.' એપલ પાઈ એટલે બાફેલા એપલ પર ખાંડની ચાસણી નાખેલી મીઠાઈ. અમેરીકામાં જાતજાતના ફ્રુટ્સની બનેલી પાઈ મળે પછી અમે કામ કરતાં કરતાં તે પાઈ આરોગી. અને પછી તો હાર્વી રોજ પાઈ લાવતો. મેં જોયું તો મારું તો નામ માત્ર હતું; હાર્વીને જ પાઈ ભાવતી. મને થતું કે હાર્વીએ જન્મતાની સાથે દુધની જગ્યાએ પાઈ માંગી હશે. કદીક તે પાઈને બદલે કેક લાવતો. આમ અમારો સમ્બન્ધ આગળ વધ્યો. ખાસ કારણ તો એની ખાવાની ટેવને લીધે. બર્ની પણ હાર્વી માટે ખાવાની વાનગીઓ લાવતો. પણ નવાઈની વાત એ હતી કે મને પણ તેમની જ્યાફતમાં જોડતો. પણ જો તે વાનગી વેજીટેરીયન હોય તો જ હું જોડાતો. તેમનો ઉત્સાહ બહુ રહેતો. હું ઈન્ડીયન હતો. બીજા દેશમાંથી આવ્યો હતો એટલે મને નવું નવું ફુડ ટેસ્ટ કરાવવા માંગતા હતા. અમારો સમ્બન્ધ સાથે કામ કરવા કરતાં, ખાવાની વાનગીઓને લીધે વધ્યો.

એક દીવસે એ બન્નેને મેં મારે ત્યાં નોતર્યાં. મારો એક ઈરાદો એ પણ હતો કે મારાં પત્ની કોઈ કાળા અમેરીકનને નજીકથી જુએ અને તેમનાથી ન ડરે. તે બન્ને એક શનીવારે આવ્યા. તેમણે પ્રેમથી હસીને વાતો કરી. પોતાના રુમમાં છુપાઈ ગયેલી મારી દીકરીઓ પણ બહાર નીકળીને રમવા લાગી. એમને દેશી ભોજન ન ભાવ્યું. કશામાં મરચું નહોતું નાખ્યું; તોય દરેક વાનગી તેમને તીખી લાગી. અમેરીકનોનું આ જ તો દુ:ખ છે, બીચારા મરીમસાલામાં શું સમજે ! ગુલાબજાંબુ બહુ ગળ્યાં લાગ્યાં. ફક્ત લુખ્ખી પુરીઓ બે હાથે તોડીતોડીને ખાધી. કાળા અમેરીકનોને તળેલી વસ્તુઓ બહુ ભાવે. તેમાં પણ 'ફ્રાઈડ ચીકન' મળે તો તો, બ્રાહ્મણને લાડુ મળ્યા બરાબર! તેમને ભોજનનો

આનંદ તો ન મળ્યો; પણ એક ઈન્ડીયન ફેમીલીને મળ્યાનો તેમને સંતોષ હતો. જતાંજતાં હાર્વીએ એટલું જ કહ્યું, 'તમે લોકો પાણી તો એવી રીતે પીઓ છો કે જાણે બીયર ન પીતા હો?'

એક બપોરે હાર્વી મારી ઓફીસમાં આવ્યો. બેંક પાંચ વાગે બંધ થાય તે પહેલાં, પોતાનો તે દીવસે મળેલો પગારનો ચેક વટાવવા જવાની તેણે રજા માંગી. બેંક અમારા પ્લાંટની નજીકમાં જ હતી. હાર્વી પંદરેક મીનીટમાં આવી જશે એમ ધાર્યું હતું; પણ તે ન આવ્યો. પછી લગભગ અડધા કલાક પછી એનો ફોન આવ્યો. ગભરાયેલા અવાજે મને બેંકમાં આવવાનું કહ્યું. જતાંવેંત મેં જોયું તો, બહાર બેચાર પોલીસ–કાર હતી. અંદર હાર્વીને ખુરશી પર બેસાડ્યો હતો. અંદર ગયો. પોલીસ મારા માટે તૈયાર જ હતી. મારે પોલીસોને જાતજાતના સવાલોના જવાબ આપવા પડ્યા. પછી મને આખી વાત સમજાઈ.

થયેલું એવું કે, બેંકમાં બે ચાર કસ્ટમર હતા. કેશીયરની બારી પર હાર્વીનો બીજો નંબર હતો. તેણે જોયું કે તેની આગળના કસ્ટમરે કેશીયર સામે ગન ધરી અને બેંક લુંટવા પ્રયત્ન કર્યો! હાર્વીને ખ્યાલ આવી ગયો કે શું ચાલી રહ્યું છે. હાર્વીએ પાછળથી પેલાના માથામાં પોતાનો પોલાદી મુક્કો માર્યો. પેલા લુંટારાભાઈ જમીન પર પડ્યા અને હાથમાંની ગન પણ દુર ઉડી ગઈ. હાર્વી એની છાતી પર બેસી ગયો. એ તો લુંટારાભાઈએ સવારે કોઈ સારાનું મોં જોયું હશે, બાકી હાર્વી કોઈની છાતી પર બેસે તો તેના રામ જ રમી જાય! એટલામાં પોલીસ આવી ગઈ અને કાળા હાર્વીને ચોર માની તેને જ બે ડંડા ફટકાર્યા અને લુંટારાની સાથે તેને પણ પકડી લીધો. કાળા અમેરીકનોને પોલીસનો આ જ પ્રોબ્લેમ છે. હાર્વીએ પોલીસને જણાવ્યું કે તે અમારી કંપનીમાં કામ કરે છે. તો પોલીસે મારી જુબાની લેવા મને બોલાવ્યો. મારી ઉલટ તપાસ પછી પોલીસે હાર્વીને છોડી દીધો. અને બીજે દીવસે બેંકે હાર્વીને બોલાવીને સરસ શેમ્પેઈનની બોટલ ભેટ આપી. અને લોકલ છાપામાં હાર્વીનો ફોટો આવ્યો તે જુદું.

તેવામાં અમારી કંપનીના પ્રીંટીંગ બીઝનેસમાં મંદી આવી ગઈ. લોકો પ્રીંટ વીનાના બ્લુ જીન્સ પહેરતા થઈ ગયા. કંપની બંધ પડી ગઈ. અમે સૌએ નવી જોબ શોધી લીધી.

બરાબર સત્તર વરસ પછી હું પ્લાસ્ટીક એન્જીનીયર્સની કોન્ફરન્સમાં ન્યુ યોર્ક ગયો હતો. બપોરે લંચ લઈને ટાઈમ્સ સ્ક્વેર એરીયામાં ચાલતો હતો અને મેં જોયું કે કોઈ કાળો અમેરિકન બુમો પાડતાં પાડતાં મારી પાછળ દોડતો હતો. આ માણસ મારી પાછળ કેમ દોડે છે? નક્કી, આપણું આવી બન્યું! આ ન્યુ યોર્ક છે. રોજના વીસત્રીસ ખુન થાય છે. મેં દોટ મુકી; પણ પેલા

કાળાએ મને પકડી પાડ્યો. જોયું, તો તે હાર્વી હતો! હું એને જોઈને ખુશ થઈ ગયો! તેનો પહેલો સવાલ એ હતો કે "મને જોઈને તું કેમ નાસતો હતો?" પછી મેં સમજાવ્યું કે આ ન્યૂ યોર્ક છે. અહીં કોઈના પર ભરોસો ન કરાય. અમે ભેટી પડ્યા. પછી હાર્વીકુમાર બોલ્યા, 'અમારા કાળા લોકોની તો ઈમ્પ્રેશન જ ચોર–લુંટારાની છે ને!' તે હવે ત્યાંની બેંકમાં સીક્યુરીટી ગાર્ડ હતો. જાત જાતની વાતો કરી. જુનાં સંસ્મરણોને વાગોળતાં અમે બન્નેએ હાવર્ડ જોન્સન રેસ્ટોરાંમાં એપલ પાઈ ખાધી. અને છુટા પડ્યા.

અમને બન્નેને ખબર હતી કે હવે નહીં મળાય. પણ મારા સ્મરણપટમાં તો પેલો વીશાળ કાય હાર્વી, એક સસલાની માફક લપાયો છે.

**–હરનીશ જાની**

## ખાસ નોંધ :

અમેરીકામાં આફ્રીકન–અમેરીકન પ્રજા માટે ફેબ્રુઆરી મહીનામાં **'બ્લેક હીસ્ટ્રી મન્થ'**ની ઉજવણી થાય છે. ટીવી પર કે બીજા પ્રીન્ટ મીડીયામાં તેમના વીશે સારી સારી વાતોનો પ્રચાર–પ્રસાર થાય છે. તે પ્રસંગે **'સન્ડે ઈ.મહેફીલ'** પણ તેને માટે યોગ્ય એવી, પરાણે વહાલા લાગે તેવા એક આફ્રીકન–અમેરીકન 'હાર્વી વીલીયમ્સ'ની આ સ્મરણીય ચરીત્રકથા રજુ કરે છે.

..ઉત્તમ.મધુ ગજ્જર..

–હરનીશ જાની
સર્જક–સમ્પર્ક :
Harnish Jani
4-Pleasant Drive, Yardville, NJ-08620-USA
Phone-609-585-0861 Email : harnishjani5@gmail.com

●

હરનીશભાઈ હાલ તેમના આગામી ગ્રંથ માટે ‘હાસ્ય–ચરીત્રો’ લખવામાં વ્યસ્ત છે.. આગામી દીવસોમાં એમનું એ પુસ્તક ‘હાસ્ય–ચરીત્ર’ પ્રકાશીત થઈ રહ્યું છે. તેમાંનો આ એક નવો લેખ તે ‘હાર્વી વીલીયમ્સ’. શરુઆતથી જ ‘સ.મ.’ના જબરા ચાહક અને સાચા સમર્થક રહેલા ભાઈ હરનીશ જાનીએ, ‘સન્ડે ઈ.મહેફીલ’ માટે આ લેખ, સ્નેહથી મોકલ્યો તે બદલ તેમનો ખુબ આભાર..

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: તેરમું – અંક: 393 –February 04, 2018

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,46,64,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 91,10,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,79,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 8,52,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@